GJDH030000812022

| | |
|---|---|
| Filed on | :29/01/2022 |
| Registered on | :29/01/2022 |
| Decided on | :07/03/2026 |
| Duration | :YY-MM-Days |
| | :04-01-07 |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.**

**FORM-A**

---

**દેવગઢ બારીઆના મહે. એડી. જયુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેવગઢ બારીઆ.**

---

**શ્રી એસ.ઓ.ગર્ગ, એડી.જયુ.મેજી.ફ.ક.,દેવગઢબારીઆ.**
**(ચુકાદા તારીખ : ૦૭.૦૩.૨૦૨૬)**

**ક્રીમીનલ કેસ નં.૫૮/૨૦૨૨**
**આંક–**

| એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન : | દેવગઢબારીઆ પોલીસ સ્ટેશન |
| ગુનો : | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી). |
| તહોમતનામા મુજબ તહોમત : | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી). |
| ફરિયાદી: | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી : | એસ.એમ.ડામોર |
| આરોપી : | વિક્રમભાઈ ધનાભાઈ પટેલ, ઉ.વ.૩૬,<br>રહે. મડામહુડી, ભગત ફળીયા, તા.ગોધરા,<br>જી.પંચમહાલ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | ડી.એચ.બારીઆ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ : | ૦૭.૦૨.૨૦૨૧ |
| ફરિયાદની તારીખ : | ૦૭.૦૨.૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ : | ૨૯.૦૧.૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યા/પ્લી નોંધ્યા તારીખ : | ૧૭.૦૮.૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યા તારીખ : | ૧૭.૦૮.૨૦૨૨ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ : | ૦૭.૦૩.૨૦૨૬ |
| ચુકાદા તારીખ : | ૦૭.૦૩.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવેલ છે. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયાં ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર ? | શું સજા કરી ? | ક્રિ.પ્રો.કો. કલમ:૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિક્રમભાઈ ધનાભાઈ પટેલ | – | – | પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ | શંકાનો લાભ આપી છોડી મૂકતો હુકમ કરવામાં આવેલ છે. | – | – |

# FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષ તરફે

**ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી વિક્રમકુમાર મોહનસિંહ બારીઆ ની જુબાની | ૧૨ |
| ૨. | પંચ સાહેદ પરસોત્તમભાઈ કુલાભાઈ બારીઆ ની જુબાની | ૦૮ |
| ૩. | પંચ સાહેદ છત્રસિંહ મગનભાઈ બારીઆની જુબાની | ૧૦ |
| ૪. | સાહેદ ડો. – મનીષાબેન મહેશભાઈ બાલવાણી ની જુબાની | ૨૯ |
| ૫. | ત.ક.અમ. વિક્રમસિંહ મણીલાલ ની જુબાની. | ૩૨ |

### (બી) બચાવપક્ષે જો સાહેદ હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું | ૦૯ |
| ૩. | ફોર્મ એ | ૩૦ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

**<u>–: JUDGEMENT :–</u>**

**૧.** ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૭.૦૨.૨૦૨૧ ના રોજ કલાક ૧૩:૦૦ થી કલાક : ૧૩:૩૦ વાગ્યાના સુમારે મોજે. શીં ગેડીગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે દારૂ પી નશો કરી પકડાઈ જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ દેવગઢબારીઆ પોલીસ સ્ટેશનમાં આપતાં, દેવગઢબારીઆ પોલીસે પ્રોહી ગુ.ર.ન. ૫૨/૨૦૨૧ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** પોલીસ અહેવાલ રજુ થતાં, ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ,ગુન્હા અંગે આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરતા ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષના

પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનુ અને ખોટી ફરીયાદ થયેલ હોઈ તેઓને છોડી મુકવા વિનંતી કરેલ છે.

**૪.** ત્યારબાદ એ.પી.પી.શ્રી તથા વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી એ ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા, ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૭.૦૨.૨૦૨૧ ના રોજ કલાક ૧૩:૦૦ થી કલાક : ૧૩:૩૦ વાગ્યાના સુમારે મોજે. શીંગેડીગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે દારૂ પી નશો કરી પકડાઈ જઈ ગુનો કરી પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું અંતિમ હુકમ ?

- ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

## –: <u>નિર્ણય માટેના કારણો</u> :–

**<u>મુદ્દા નં. ૧</u> ::–**

**(પ.૧)** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

## –: <u>ફરિયાદ પક્ષનો પુરાવો</u> :–

**(પ.૩)** ત્યારબાદ આ કામે આંક–૦૯ થી આરોપીની શરીર સ્થિતિનુ પંચનામું રજુ થયેલ છે. જેના પંચ પરસોત્તમભાઈ કુલાભાઈ બારીઆ ને આંક–૦૮ થી તપાસેલ છે. આ પંચ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, આજથી અંદાજે એકાદ વર્ષ અગાઉ તેઓ દે.બારીઆ પો.સ્ટે.માં તેમના કામ અર્થે ગયેલા ત્યારે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં તેમની સહી કરી આપેલી. તે કાગળ કઈ બાબતનો હતો તેની તેમને ખબર નથી. તે કાગળ તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને પંચનામુ બતાવતા તેમાં પંચ – ૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે જે પંચનામુ આ કામે આંક – ૦૯ થી રજુ છે. આ પંચ આંક–૦૯ થી રજુ થયેલ પંચનામાની હકિકતને લ ેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપતાં વિ.એ.પી.પી. શ્રી તરફથી ઉલટ તપાસ કરતાં આ પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે આ પંચની આરોપી તરફે ઉલટ તપાસમાં તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતા ન હોવાનો સ્વીકાર કરેલ છે.

**(૫.૪)** આ કામે પંચ સાહેદ છત્રસિંહ મગનભાઈ બારીઆ ને આંક–૧૦ થી તપાસેલ છે. આ પંચ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, આજથી અંદાજે એકાદ વર્ષ અગાઉ તેઓ દે.બારીઆ પો.સ્ટે.માં તેમના કામ અર્થે ગયેલા ત્યારે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહી કરવાનુ કહેતા તેઓએ તેમાં તેમની સહી કરી આપેલી. તે કાગળ કઈ બાબતનો હતો તેની તેમને ખબર નથી. તે કાગળ તેઓએ વાંચેલ નહી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નહી. તેમને આંક – ૦૯ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ – ૨ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે આ પંચ આંક–૦૯ થી રજુ થયેલ પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન આપતાં ન હોઈ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૧૫૪ મુજબ પરવાનગી આપતાં વિ.એ.પી.પી. શ્રી તરફથી ઉલટ તપાસ કરતાં આ પંચોએ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે આ પંચની આરોપી તરફે ઉલટ તપાસમાં તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ તે સિવાય બીજુ કંઈ જાણતા ન હોવાનો સ્વીકાર કરેલ છે.

**(૫.૨)** હાલના આ કામે ફરીયાદપક્ષે ફરિયાદી વિક્રમકુમાર મોહનસિંહ બારીઆ ને આંક– ૧૨ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ગઈ તા.૦૭/૨/૨૦૨૧ ના રોજ તેઓ તથા અ.હે.કો. વિક્રમકુમાર મણીલાલ નાઓ સીંગેડી ગામે પેટ્રોલીંગમાં આવતા હતા તે દરમ્યાન સીંગેડી ગામે રોડ ઉપર એક ઈસમ નશો કરેલી હાલતમા મળી આવેલ હોય જેથી નજીક માંથી બે પંચોના માણસો બોલાવી પંચોને હકિકતની સમજ કરી પંચો રૂબરૂ સદર ઈસમનુ નામ પુછતા તેણે પોતે પોતાનુ નામ વિક્રમભાઈ ઘનાભાઈ જાતે પટેલ ઉંમર ૩૬ ધંધો નોકરી રહે. મડામહુડી તા.ગોધરા, જી.પંચમહાલ નાનુ હોવાનુ જણાવેલ તેની

આંખો જોતા દારૂના નશામા ગેરાચેલી લાલચોળ જણાચેલ તથા તેના મોઢા માંથી કોઈ કેફી પીણુ પીધેલાની પુશ્કળ તાજી વાસ આવતી હતી અને તેની સીધીલીટીમા ચલાવી જોતા તેના શરીરની સંભાળ રાખી શકતો ન હતો તેની પાસે પ્રોહી પ્રતિબંધક એરીયામા દારૂ પીવા અંગેનુ કોઈ પાસ પરમીટ હોય તો રજુ કરવા જણાવતા કોઈ પાસ પરમીટ કે આધાર પુરાવા નહી હોવાનુ જણાવતો હોય જેથી તેના શરીર સ્થિતીનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરી લઈ આરોપીને અટક કરવામા આવેલ અને આરોપી વિરુધ્ધમા અમોએ ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ દે.બારીયા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવતાં તેમાં ફરીયાદી તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક – ૧૩ થી રજુ રાખેલ છે.

આ ફરીયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવના દિવસે પેટ્રોલીંગમા તેઓ બપોરના આશરે બાર વાગે નિકળેલા. પેટ્રોલીંગમા તેમની સાથે વિક્રમકુમાર મણીલાલ નાઓ હતા. તેઓ મોટરસાયકલ ઉપર પેટ્રોલીંગમા નિકળેલા અને ૧૩ વાગે બનાવવાળી જગ્યાએ પહોંચેલા. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે સીંગેડી ગામે ચોકકસ કઈ જગ્યા બનાવ બનેલો તે ફરીયાદમા જણાવેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યા રોડ ઉપર આવેલ છે અને ત્યાંથી લોકોની અવરજવર ચાલુ રહે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાએ સહેલાઈથી પંચોના માણસો મળી રહે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપી તે સમયે કોઈ લવારી કરતો ન હતો અને કોઈ અપશબ્દ બોલતો ન હતો. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ આપતા અગાઉ પંચનામુ કરવામા આવેલુ. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ તેમની ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે બનાવવાળી જગ્યાએ પંચનામુ કરેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપીએ કયો કેફી પીણુ પીધેલુ તે

તેઓ ચોકકસ કહી શકુ નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ આપતા પહેલાના સમયમા કોરોનાની મહામારી ચાલતી હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોરોનાથી બચવા શુ સાવચેતી પગલા લેવાના છે તેવી જાહેરાતો આવતી હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તે સમયે સેનેટાઈઝરથી વારંવાર હાથ સાફ કરવાની જાહેરાત આવતી હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે સેનેટાઈઝરની અંદર આલ્કોહોલનુ પ્રમાણ આવે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોઈ માણસ હાથમા આલ્કોહોલ લગાવે તો હાથમા આલ્કોહોલની વાસ આવી શકે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોઈ ઈસમને આંખમા કચરો પડી જાય અને રાતનો ઉજાગરો કરેલ હોય તો તેની આંખો લાલ હોઈ શકે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોરોના થયેલ હોય તે વ્યકિતને શરીરમા અશકતી આવી શકે છે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે કોરોના થયેલ વ્યકતી ચાલી ન શકે. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપીને કોરોના થયેલ હતો તેના કારણે આરોપી વ્યવસ્થિત ચાલી શકતો ન હતો. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ સમયે આરોપીનુ બ્રેથ એનાલાયઝર થી સ્વાસોસ્વાસનુ પરીક્ષણ કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપીએ કોઈ કેફી પીણાનુ સેવન કરેલ ન હતુ તેમ છતાં આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપી આજરોજ ખોટી જુબાની આપે છે.

**(પ.પ.)** ત્યારબાદ આ કામે સાહેદ ડો. મનીષાબેન મહેશકુમાર બાલવાણી ને આંક–૨૯ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ એમ.બી.બી.એસ.ની લાયકાત ધરાવે છે અને હાલ તેઓ અમલી મેડીકલ કોલેજ ખાતે ઉચ્ચ અભ્યાસ કરે છે. તેઓ તા. ૭/૨/૨૦૨૧ ના રોજ બોપેરે ૦૨:૦૦ વાગે દેવગઢ બારીયા ખાતે આવેલ જે.એસ.ચૌહાણ ખાતે તેઓ મેડીકલ ઓફીસર તરીકે હાજર હતી તે વખતે દેવગઢબારીયા પો.સ્ટે. ખાતેથી પો.કો. વિક્રમભાઈ મણીલાલ જેઓનો બ.નં. ૯૪૧ નાઓ આવેલા અને તેઓ તેમની પાસે દર્દી નામે વિક્રમભાઈ ધનાભાઈ પટેલ, ઉ.વ.૩૬, રહે. મનામહુડી, ગોધરા, તા.ગોધરા, જી.પંચમહાલ નાઓ ને લઈ આવેલા. ત્યારબાદ સદર દર્દી આલ્કોહોલ કંઝમ્પશન હેઠળ હોય

તેઓનુ મેડીકલ કરવાનુ હોય તેવી યાદી તેઓને પો.કો. વિક્રમભાઈ મણીલાલ – બં. નં.૯ ૪૧ નાઓએ આપેલી જે અસલ યાદી  તેઓ તેમની સાથે લાવેલ નથી. જે યાદીના આધારે તેઓએ સદર દર્દીનુ મેડીકલ કરવાની પ્રોસીજર હાથ ધરેલી. જેમાં આરોપી દર્દી જેની ઉ.વ. ૩૬ હતી અને તેના શ્વાસમાં આલ્કોહોલની સ્મેલ આવતી હતી. તેની ભાષા સામાન્ય હતી અને તઓની આંખની કીકી સામાન્ય હતી. ત્યારબાદ તેઓનુ બ્લડ સેમ્પલ લેવામાં આવેલુ તે માટે તેઓએ જે સીરીંજ વાપરેલી તે સ્ટરાઈલ હતી. જે તેઓએ વાયલ સદર કામે ઉપયોગમાં લીધેલ તેમાં અગાઉથી એન્ટીકોબ્યુલેન્ટ પાઉડર અને પ્રીઝર્વેટીવ નાખેલા હતા. ત્યારબાદ હાલના આરોપી દર્દીના ડાબા હાથ ઉપર ડીસ્ટલ વોટરથી તેની ચામડી સાફ કરી ત્યાંથી પાંચ એમ.એલ. જેટલુ લોહી લઈ તે લોહી એક કાચના ફીયાલમાં લીધેલ અને ત્યારબાદ તેમાં મે એન્ટીકોબ્યુલેન્ટ પાઉડર અને પ્રીઝર્વેટીવ નાખેલા વાયલમાં લીધેલા અને તેને હાથ વડે હલાવી પછી તેને શીલથી બંધ કરી તેને એક ડબ્બામાં પેક કરી તેને પણ શીલ કરી અને ફોર્મ– એ માં આરોપીના જમણા હાથના અંગુઠાનુ નિશાન લીધેલુ અને ત્યારબાદ ફોર્મ – એ અને  ફોર્મ – બી ભરી અને ગાંધીનગર એફ.એસ.એલ. ખાતે એનાલીસીસ માટે મોકલી આપેલ. જે ફોર્મ એ તેઓ તેમની સાથે લાવેલ છે. જેમાં મેડીકલ ઓફીસર તરીકે તેમની સહી અને સીકકો છે. જેને રજુ દાખલ આંક – ૨૯ થી રજુ કરેલ છે. આ બધી બાબતનુ તેઓએ ફોર્મ – બી તૈયાર કરેલુ. પરંતુ તપાસ કરતાં ફોર્મ – બી મળી આવતુ ન હોય તેઓ તેમની સાથે લાવેલ નથી. ત્યારબાદ બ્લડ સ ેમ્પલને કચેરીના સ્ટોરેજમાં મુકાવી દીધેલ અને ત્યારબાદ તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ તેમના ઓફીસના કર્મચારીઓ ધ્વારા આર.પી.એ.ડી. ધ્વારા સદરહુ બ્લડ સેમ્પલને ગાં ધીનગર ખાતે મોકલાવી દીધેલુ. આ કામે આરોપી બ્લડ સેમ્પલ એનાલીસીસ થઈને તેમની હોસ્પીટલે આવેલ છે કે કેમ? તેની તેમને ખબર નથી. તેમને હોસ્પીટલના રેકર્ડમાંથી ફોર્મ – સી મળી આવેલ નથી. જેથી તેઓ ચોકકસપણે કહી શકે નહી કે આરોપી દર્દી

બનાવ સમયે તેના લોહીમાં આલ્કોહોલની કેટલી માત્રા રહી હતી. આરોપીને તેઓ જોયેથી ઓળખી શકુ નહી.

આ સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ મેડીકલ ઓફીસર તરીકે દેવગઢ બારીઆ જે.એસ.ચૌહાણ હોસ્પીટલમાં માર્ચ– ૨૦૨૦ થી સપ્ટેમ્બર– ૨૦૨૧ સુધીમાં મારી સેવા આપી હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ બ્લડ સેમ્પલીંગ અંગેના નિયમો જાણે છે. બનાવના દિવસે તેઓ ઈમરજન્સી વિભાગમાં તેઓ એક જ ડોકટર ફરજ ઉપર હતા. સામાન્ય રીતે ફરજ ઉપર છ જેટલા સ્ટાફ નર્સ અને બોય ફરજ ઉપર હાજર હોય છે. બનાવના દિવસ ે તેઓએ અંદાજીત કેટલા દર્દીને તપાસેલા તે તેઓ હાલ કહી શકે નહી અને તે દિવસ ેતેઓએ કેટલા સેમ્પલ લીધેલા તે તેઓ કહી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેમના ઓબ્સવેશનમાં સ્ટાફ નર્સ અને બોય બ્લડ સેમ્પલીંગની કામગીરી કરતા હોય છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોઈ વ્યકિતએ ચીકુ ખાધેલ હોય તો પણ તેના મોં માંથી આલ્કોહોલી જેવી સ્મેલી આવી શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સેમ્પલ તેઓ એફ.એસ.એલ.માં કયારે મોકલેલુ અને તે એફ.એસ.એલ. ખાતે કયારે રીસીવ થયેલુ તે તેઓ ચોકકસ કહી શકે નહી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે તેની જાણકારી ફોર્મ – બી અને સી માં હોય છે, જે તેમને તપાસ કરતાં હોસ્પીટલમાં કાગળોમાંથી મળી આવેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે જે સીરીંજ બ્લડ સેમ્પલ સારૂ ઉપયોગમાં લેવાની હોય તેને સ્ટરાઈઝ કરવી જરૂરી હોય છે. તેઓ સ્વેચ્છાએ જણાવે છે જે સીરીંજનો ઉપયોગ તેઓએ કરેલો તે અગાઉથી સ્ટરાઈઝ કરેલ હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે જે વાયલ બ્લડ સેમ્પલ સારૂ ઉપયોગ કરેલ તે ખાલી હતી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે શરીરના કયા ભાગમાંથી દર્દીનુ સેમ્પલ સારૂ બ્લડ લીધેલુ તે ફોર્મ – બી માં લખેલ છે કે કેમ? તે તેઓ કહી શકે નહી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ ફોર્મ – બી સાથે લાવેલ નથી, જેથી તેઓ જણાવી શકે નહી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે દર્દીની સ્કીન મકર્યુરોક્રોન

અને જેન્ટીયરવાયલેટ થી સાફ કરેલ નહી. તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે જેન્ટીયરવાયલ ેટ સ્કીન ઉપર ઉપયોગ કરવામાં આવતો નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સ ેમ્પલ લેવાની કોઈ વ્યવસ્થા તેમની હોસ્પીટલમાં નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બ્લડ સેમ્પલને મોનોગ્રામ તથા રજી. પો.સ્ટ. એ.ડી. થી ગાંધીનગર મોકલવાની કામગીરી સ્ટાફના માણસો કરતા હોય છે.

**(૫.૬)** ત્યારબાદ આ કામે ત.ક.અ. વિક્રમસિંહ મણીલાલ ને આંક–૩૨ થી તપાસેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૭/૨૯/૨૧ ના રોજ તેઓ દે.બારીયા પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતા ત્યારે દે.બારીયા પો.સ્ટે. ના ગુ. રજી. નં. ૫૨/૨૦૨૧, પ્રોહી એકટની કલમ : ૬૬(૧)(બી) મુજબની ફરીયાદ ફરીયાદી નામે અ.હે.કો. વિક્રમકુમાર મોહનસિંહ નાઓ ધ્વાર દાખલ કરવામાં આવેલી અને તે ગુનાની તપાસ તેમની તરફ આવતા તેઓએ સંભાળી લીધેલી અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપીને મેડીકલ તપાસણી સારૂ દે.બારીયા સરકારી દવાખાને મેડીકલ યાદી સાથે લઈ ગયેલા. ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલુ.

આ ત.ક.અમલદારની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તપાસ અગાઉ ફરીયાદનો અભ્યાસ કરેલો. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ આપતા પહેલા પંચનામુ કરવામાં આવે છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવવાળી જગ્યાની નજીકથી સહેલાઈથી પંચો મળી શકે તેમ છે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે આરોપીનો બ્રીથ એનાલાઈઝર મશીનથી તપાસ કરેલ નહી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે કોઈ વ્યકિત સેનેટાઈઝર નો ઉપયોગ કરે તો તેની પાસેથી આલકોહોલની સ્મેલ આવી શકે. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે કોઈ વ્યકિતને ઉજાગરો હોય તો તેની આંખો લાલ હોય શકે. તેઓ એ વાતનો સ્વીકાર

કરે છે કે તેમની તપાસ દરમ્યાન પોલીસ સાહેદ સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ ચાર્જશીટ સાથે ફોર્મ– સી રજુ કરેલ નથી. તેઓ એ વાતનો ઈન્કાર કરે છે કે આરોપીએ કોઈ કેફી પીણુ પીધેલ ન હોવા છતાં આરોપી વિરુધ્ધ ખોટી તપાસ કરી ખોટી ચાર્જશીટ કરેલ છે.

**–: <u>ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન</u> :–**

(પ.૭) ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર.૭૭** ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, બનાવ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ સાહેદો ફરીયાદ પક્ષને સમર્થન આપતા ના હોય તેમજ પોલીસ અધિકારીઓની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીઓની જુબાની ઉપર આધાર રાખીને સજા કરી શકાય નહી. આ સંજોગોમાં આ કામે આરોપીની શરીર સ્થિતિના પંચનામાને પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી આ કામના આરોપી બનાવ વખતે દારૂ પીધેલ હાલતમાં જાહેરમાં લવરી બકવાટ કરતો મળી આવેલ હોવાની હકિકત પુરવાર થતી નથી, જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચ સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસો છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે.

(પ.૮) આ કામે સમગ્ર જુબાની ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી ઉપર એવો આક્ષેપ છે કે તેઓ જાહેર જગ્યા ઉપર કેફી પદાર્થ પીણુ પીને જાહેરમાંથી નશો કરેલી હાલતમાં મળી આવેલ. આ કામે ફરીયાદપક્ષે આંક – ૧૨ થી ફરીયાદીને તપાસવામા આવેલ. તેઓની જુબાનીમાં બનાવ વખતે આરોપી દારૂ પીધેલ હાલતમાં મળી આવેલ. જેને રોકી બે પં ચોને બોલાવેલ અને તેનુ નામ પુછતા તોતડાતી જીભે જણાવેલ અને તેના મોઢામાંથી કેફી નશાયુકત પીણુ પીધેલાની વાસ આવતી હતી. આ કામે ઈસમ પાસે પાસ પરમીટ ન હોવાથી તેઓની વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામા આવેલ. આ કામે તે ફરીયાદ આંક– ૧૩ થી રજુ

કરેલ છે. આરોપી તરફેની ઉલટ તપાસમાં કેટલા વાગે પેટ્રોલીંગમાં નીકળેલા અને તેઓ એનાલીસીસ મશીન તેમની સાથે બનાવના સ્થળે લઈ ગયેલા નહી. તેમજ આ કામે પંચોની હાજરીમાં આરોપીને પકડેલ હોવાનું જણાવે છે પરંતુ આ કામે આંક – ૦૮ થી પંચ સાહેદ પરસોત્તમભાઈ કુલાભાઈ બારીઆ તથા આંક –૧૦ થી પંચ સાહેદ છત્રસિંહ મગનભાઈ બારીઆ ને તપાસવામા આવેલ. જેઓએ તેમની હાજરીમા આરોપીને દારૂ પીધેલ હાલતમાં પકડેલ હોય કે તેના શરીર સ્થિતિનું પંચનામુ  કરેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન કરતા નથી અને પોલીસ ધ્વારા જે પંચોની હાજરીમા આરોપીની અટકાયત કરેલાનું જણાવેલ છે તે હકીકતને પણ સમર્થન કરતા નથી અને સદર પંચ સાહેદો આરોપી તર્ફેની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓએ એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી અને તે સિવાય તેમને બીજી કોઈ માહીતી નથી.

**(૫.૯)** આ કામે સૌથી મહત્વની જુબાની આંક–૨૯ થી ડો. મનીષાબેન મહેશકુમાર બાલવાણીની છે**,** કેમ કે પોલીસે આરોપીને પકડયા બાદ તેની જે બ્લડ લેવાની કામગીરી હોય છે તે કરવા માટે તેને તપાસણી અર્થે લઈ જાય છે. આ કામે જે તબીબ આ બ્લડ લેતો હોય તેને બોમ્બે પ્રોહીબીશન એકટ (મેડીકલ એકઝામીનેશન અને બ્લડ ટેસ્ટ) ૧૯૫૯ ના રૂલ ૩ અને ૪ માં જણાવેલ જોગવાઈઓનું પાલન કરવાનું હોય છે. **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા અવધ બિહારી વિ. સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન નં.૨૦૩/૧૯ ૮૯** માં જણાવ્યા મુજબ આ રૂલ્સની કઈ–કઈ જોગવાઈઓ આદેશાત્મક છે અને કઈ ડાયરેકટરી છે તે અંગે જણાવેલ છે.

**(૫.૧૦)** આ કામે ડોકટર ધ્વારા આપેલ જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આરોપીની તપાસ કરતા તેના શ્વાસમા આલ્કોહોલની વાસ આવતી હતી તેની ભાષા સામાન્ય હતી અને આંખોની કીકી સામાન્ય હતી અને તેમના શ્વાસમાંથી આલ્કોહોલની સ્મેલ આવતી હતી. આ કામે ડોકટર ધ્વારા જે આરોપીના શરીરમાંથી બ્લડ લ ેવામાં આવેલ તેમાં તેઓએ આલ્કોહોલનો ઉપયોગ કરેલ નથી તેવુ જણાવેલ છે. આ

કામે તેઓએ આ બ્લડ લઈ એક ફીચાલમાં લીધેલ અને તેમાં એન્ટીકોગ્યુલન્ટ અને પ્રિ ઝર્વેટીવ નાખેલા જે લોહી પાંચ એમ.એલ. હતુ તે ફીચાલને બંધ કરીને હાથથી હલાવી એક ડબ્બામાં પેક કરી ફોર્મ – એ ભરેલુ અને તેમાં આરોપીના જમણા હાથના અંગુઠાનુ નિશાન લીધેલુ. ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, બનાવના દિવસે તેઓ ઈમરજન્સી વિભાગમાં ફરજ ઉપર હતા તથા તેમના ઓબ્સર્વેશનમાં સ્ટાફનર્સ અને વોર્ડબોટ બ્લડ સ ેમ્પલીંગની કામગીરી કરતા હોય છે તથા કોઈ વ્યકિતએ ચીકુ ખાધેલ હોય તો તેના મોં માંથી આલ્કોહોલની સ્મેલ આવી શકે છે તથા એફ.એસ.એલ.માં બ્લડ સેમ્પલ કયારે મોકલેલ અને તે એફ.એસ.એલ.માં કયારે રીસીવ થયેલ તે ચોકકસ કહી શકે નહી તથા વધુમાં તેઓએ સ્વેચ્છાએ જણાવેલ છે કે સદર જાણકરી ફોર્મ – બી અને ફોર્મ – સી માં હોય છે પરં તુ તેઓને હોસ્પીટલના કાગળોમાંથી ફોર્મ – બી અને ફોર્મ – સી મળી આવેલ નથી તથા સીં રીંજ બ્લડ સેમ્પલ સારૂ ઉપયોગમાં લેવાની હોય તેને સ્ટ્રલાઈઝ કરવી જરૂરી હોય છે તથા દર્દીની સ્કીનને મકર્યુરોક્રોન અને જેન્ટીયર વાયલેટ થી સાફ કરેલ નહી તથા બ્લડ સેમ્પલ મોનોગ્રામ તથા રજીસ્ટર પોસ્ટ કરવાની કામગીરી સ્ટાફના માણસો કરતા હોય છે.

આ કામે મેડીકલ ઓફીસર પોતે સ્વીકાર કરેલ છે કે તેઓના ઓબ્જરવેશનમાં સ્ટાફબોય અને નર્સ બ્લડ સેમ્પલ લેવાની કામગીરી કરતા હોય છે. જેથી આ એક મેન્ડેટરી જોગવાઈ છે અને ડોકટર ધ્વારા આ મેન્ડેટરી જોગવાઈનો ભંગ કરવામા આવેલ છે કારણ કે ડોકટર ધ્વારા જણાવવામા આવેલ છે કે તેઓના ઓબ્જરવેશનમાં સ્ટાફબોય અને નર્સ બ્લડ સેમ્પલ લેવાની કામગીરી કરતા હોય છે જેથી બ્લડ રૂલ્સની જોગવાઈ મુજબ આ એક મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયો કહેવાય કેમ કે બ્લડ સેમ્પલીંગની કામગીરી ડોકટરે જાતે કરવાની હોય છે. વધુમાં, મેડીકલ ઈકવીપમેન્ટ સ્ટ્રલાઝ કરવાનુ કામ સ્ટાફનર્સે કરેલુ તેવુ સ્વીકારેલ છે તથા બ્લડ સેમ્પલીંગ તેઓની જાતે તેઓએ એનાલીસીસ માટે ફોર્વડ કરેલ નથી. જેથી આ કામે જયારે ડોકટર ધ્વારા મેન્ડેટરી જોગવાઈઓનો ભંગ કરેલ છે તેવા સંજોગોમા જે ટેસ્ટનું પરિણામ આવે તેના ઉપર

આધાર રાખી શકાય નહી. આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંતોને ઘ્યાને લેતા તેમા જણાવેલ છે કે જો મેન્ડેટરી જોગવાઈનુ પાલન કરવામા ન આવે તો તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપવો જોઈએ.

આ કામે બોમ્બે પ્રોહીબીશન(મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૩ માં જણાવેલ છે કે,

"A registered medical practitioner before whom a person is produced under sub-section (1) of section 129A of the Act by a Police Officer or a Prohibition Officer for the purpose of medical examination of such person or collection of his blood, shall examine such person and, collect and forward in the manner prescribed in these rules, the blood of such person and furnish to the officer by whom such person was produced a certificate in Form "A" containing the result of his exami-nation and shall keep a copy of such certificate on his record."

રૂલ–૩ માં શબ્દ " **Shall** " નો ઉપયોગ કરવામાં આવેલ છે. જેથી જયારે કોઈ આરોપીને રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસ્નર સામે લાવવામાં આવે તો તે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસ્નરે આરોપીને જાતે તપાસવો પડે અને બ્લડ કલેકટ કરવાની અને ફોરવડ કરવાની જવાબદારી પણ રજીસ્ટર મેડીકલ પ્રેકટીસ્નરે જાતે કરવી પડે. પરંતુ હાલના કામે સમગ્ર પ્રક્રિયા રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશ્નરે જાતે કરેલી નહી. આમ બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) ના રૂલ – ૩ નુ પાલન કરેલ નથી.

આ કામે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૪(૧) માં જણાવેલ છે કે

"The registered medical practitioner **shall** use a syringe for the collection of the blood of the person produced before him under rule 3. The syringe **shall** be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He **shall** clean with 1% aqueous solution of Mercurochrome or genitor violet, not containing alcohol or its solution the skin surface of that part of such person's body from which he intends to withdraw the blood. No alcohol **shall** be touched at any stage while withdrawing blood from the body of the person. He **shall** withdraw not less than 5 c.c. of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe **shall** then be transferred into a phial containing anticoagulant and preservative and the phial **shall** then be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial **shall** be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner."

રૂલ–૪(૧) માં શબ્દ **"Shall"** નો ઉપયોગ કરવામાં આવેલ છે. જેથી જયારે રજીસ્ટર મેડીકલ પ્રેકટીસ્નરે આરોપીનો બલ્ડ સીરીંજથી લેવાનો હોય છે. આ સીરીંજને વાપરતા પહેલા બોઈલીંગ વોટરમાં રાખી સ્ટેરીલાઈઝ કરવુ પડે. વધુમાં જે જગ્યાએ થી બલ્ડ

કાઢવાનુ હોય તે જગ્યાની ચામડીને ૧% એકયુઅસ સોલ્યુસન ઓફ મરકયુરોક્રોમ કે જેનાઈટર વાયોલેટથી સાફ કરવુ પડે.

હાલના સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓએ ઉલટતપાસ દરચાન સ્વીકારેલ છે કે ફોર્મ–એ અને ફોર્મ–બી તેઓએ ભરેલા છે. હાલના સાહેદે તેઓની જુબાની માં સીરીંજનો ઉપયોગ કરતાં પહેલા બોઈલીંગ વોટરમાં રાખી સ્ટેરીલાઈઝ કરેલ હોય તેવુ જણાવેલ નથી. જેથી આ ફરજીયાત પ્રક્રિયા તેઓએ પાલન કરેલ છે તે સ્પષ્ટ થતુ નથી. આમ આ સાહેદની જુબાનીમાં સાહેદે રૂલ–૩ અને રૂલ–૪(૧) નુ સમગ્રપણે પાલન કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી.

આ કામે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ જોવામાં આવે તો રૂલ–૪(૨) માં જણાવેલ છે કે

"The sample blood collected in the phial in the manner stated in sub-rule(1) **shall** be forwarded for test to the Testing Officer either by post or with a special messenger so as to reach him within seven days from the date of its collection. It shall be accompanied by a forwarding letter in Form "B" which **shall** bear a facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood."

રૂલ–૪(૨) માં શબ્દ **"Shall"** નો ઉપયોગ કરવામાં આવેલ છે. વધુમાં રૂલ–૪(૨) જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે બલ્ડ સેમ્પલ કલેકટ કર્યા પછી બલ્ડ સેમ્પલને ટેસ્ટ કરવા માટે ટેસ્ટીંગ ઓફીસરને પોસ્ટ કે સ્પેશ્યલ મેસેન્જર દવારા જ મોકલવુ પડે. તે માટે તેઓએ ફોર્મ – બી ભરવાનુ હોય છે પરંતુ હાલના કામે ફોર્મ– બી રજુ થયેલ નથી. અહીં ફોર્મ – બી રજુ કરવામાં આવેલ ન હોય જેથી મેડીકલ ઓફીસરશ્રી દ્વારા લેવામાં આવેલ બ્લડ કયા માધ્યમથી એફ.એસ.એલ.માં એનાલીસીસ માટે મોકલવામાં આવેલુ,

વધુમાં સદર બ્લડ લેવા માટે કઈ પ્રક્રિયા અનુસરવામાં આવેલી, તે તમામ બાબતો ફોમ– બી રજુ થયેલ ન હોય તેથી ચોકકસ પણે જાણી શકાય નહી. જેથી અહી રૂલ–૪(૨) નુ સમગ્ર પણે પાલન કરવામાં આવેલ હોય તેવુ કહી શકાય નહી. બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ વંચાણે લેતાં એવુ જણાઈ આવે છે કે ફોર્મ–બી બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ પ્રમાણે તૈયાર કરવુ ફરજીયાત છે. પરંતુ હાલના કામે ફોર્મ– બી તૈયાર કરવામાં આવેલ કે નહી તે હકીકતો જ શં કાના ઘેરામાં છે. વધુમાં આ કામે બ્લડ એનાલીસીસ રીપોર્ટ ફોર્મ – સી રજુ થયેલ નથી. જેથી બનાવના સમયે આરોપીએ આલ્કોહોલનુ કંન્ઝમ્પ્શન કરેલ કે કેમ, તે કહી પણ શકાય નહી. ફરીયાદપક્ષે પોતાનો કેસ મજબૂત પુરાવાઓથી પુરવાર કરવાનો રહે છે અને જો ફરીયાદપક્ષ પોતાના કેસને મજબૂત પુરાવાઓ રજુ કરી શકે નહી તો તેનો લાભ આરોપીને આપી શકાય છે. હાલના કેસમાં પણ ફોર્મ– બી અને ફોર્મ – સી જે બોમ્બે પ્રોહીબીશન (મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ મુજબ તૈયાર કરવા ફરજીયાત છે પરંતુ હાલના કામે આ બંને ફોર્મ રજુ કરવામાં આવેલ નથી. જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

આમ, આ સમગ્ર પુરાવો જોતા આ કામના આરોપીએ તા.૦૭.૦૨.૨૦૨૧ ના રોજ કલાક ૧૩:૦૦ થી કલાક : ૧૩:૩૦ વાગ્યાના સુમારે મોજે. શીંગેડીગામે આ કામના આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે દારૂ પી નશો કરી પકડાઈ જઈ ગુનો કરેલ હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં, ડોકટર ઘ્વારા મેન્ડેટરી જોગવાઈનુ પાલન કરવામાં આવેલ ન હોય, જેથી જો મેન્ડેટરી જોગવાઈનું પાલન કરવામાં ન આવે તો તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી મુદ્દા નં.(૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.(૨) પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. આ કામના **આરોપી વિક્રમભાઈ ધનાભાઈ પટેલ, ઉ.વ.૩૬, રહે. મડામહુડી, ભગત ફળીયા, તા.ગોધરા,જી.પંચમહાલ** નાઓને પ્રો. કોડની કલમ – ૨૫૫ (૧)

અન્વયે પ્રોહી. એકટ ની કલમ–૬૬(૧)(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના જામીન છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>ચુકાદો</u>** :– આજરોજ તા.**૦૭ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૬
દેવગઢ બારીઆ.

**(સંજયકુમાર ઓ. ગર્ગ)**
એડી.જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
દેવગઢ બારીઆ.
(UI Code: GJ01738)